# ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ,અમરેલી

કલેક્ટર કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી-૩૬૫૬૦૧

ફોન નં - ૦૨૭૯૨-૨૩૦૭૩૫, ફેક્સ નં - ૦૨૭૯૨-૨૨૧૬૦૦

ઈ-મેઈલ : dismgmt-amr@gujarat.gov.in


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં.ડીઝા/વશી/કોરોના વાયરસ/ ૨૪૫ /૨૦૨૧ તા.૦૫/૦૫/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) સરકારશ્રીના ગૃહ વિભાગનાં હુકમ ક્રમાંક:-વિ-૧/કવિ/૧૦૨૦૧૦/૪૮૨, તા.૦૬/૦૪/૨૦૨૧

(૨) અત્રેના પરીપત્ર ક્રમાંક: ડીઝા/કોરોના વાયરસ/વશી/૨૨૨/૨૦૨૧, તા.૨૯/૦૪/૨૦૨૧

## -:: પરિપત્ર ::-

હાલમાં નોવેલ કોરોના વાયરસનાં સંક્રમણને નિયંત્રણમાં લેવા માટે સરકારશ્રી દ્વારા નિવારાત્મક પગલાઓ લેવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે વંચાણ ક્રમ-૧થી ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગનાં હુકમ ક્રમાંક:-વિ-૧/ કવિ /૧૦૨૦૧૦/ ૪૮૨, તા.૦૬/૦૪/૨૦૨૧ ના પેરા નં.૩ ના મુદા નં.૮ ની સૂચના અનુસાર સરકારી કચેરીઓમાં ખૂબ જ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે. તે સબબની સૂચના થઈ આવેલ છે. જે અન્વયે અત્રેના વંચાણ ક્રમ-૨ના પરિપત્રથી અમરેલી જિલ્લામાં તમામ મામલતદાર કચેરીઓમાં આવેલ જનસેવા તથા ઈ-ધરા કેન્દ્રોની અરજદારશ્રીઓને લગતી કામગીરી તા.૦૧/૦૫/૨૦૨૧(શનિવાર) થી તા.૦૫/૦૫/૨૦૨૧(બુધવાર) સુધી જાહેર આરોગ્યના હિતાર્થે બંધ કરવામાં આવેલ.

આમ, હાલમાં અમરેલી જિલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણને ધ્યાને લેતા કોરા સંક્રમણ આગળ વધતુ અટકાવવા તેમજ સરકારી કચેરીઓ ખાતે અરજદારશ્રીઓનો ઘસારો ઓછો કરવાનાં ભાગરૂપે અમરેલી જિલ્લામાં તમામ મામલતદાર કચેરીઓમાં આવેલ જનસેવા તથા ઈ-ધરા કેન્દ્રોની અરજદારશ્રીઓને લગતી કામગીરી **તા.૦૬/૦૫/૨૦૨૧ (ગુરુવાર) થી તા.૧૨/૦૫/૨૦૨૧ (બુધવાર)** સુધી જાહેર આરોગ્યના હિતાર્થે બંધ કરવામાં આવે છે તેમજ માત્ર ઓનલાઈન અરજીઓ સ્વીકારી તે અંગેની કાર્યવાહી કરવાની રહેશે. ખૂબ જ અગત્યની કામગીરી હોય તેવા સંજોગોમાં સબંધિત મામલતદારશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે.

DISTRICT MAGISTRATE AMRELI * GUJARAT STATE *

(આયુષ ઓક)

કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ,

અમરેલી

પ્રતિ,

મામલતદારશ્રી,................(તમામ),જી.અમરેલી

નકલ રવાના:

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી

(૨) પ્રાંત અધિકારીશ્રી,......................(તમામ) જી.અમરેલી

(૩) લાયઝન અધિકારીશ્રી,..................(તમામ) જી.અમરેલી

(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી,............(તમામ) જી.અમરેલી